# પ્રસાર ભારતી
# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-05-2026 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## જીલ્લા, તાલુકા પંચાયતના હોદ્દેદારોની વરણી :

કચ્છ જિલ્લાની ભુજ, અંજાર, માંડવી, મુંદરા અને નખત્રાણા એમ પાંચેય નગરપાલિકાઓના પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેન સહિતના પદાધિકારીઓની વરણી ગઇકાલે પૂર્ણ થઈ છે. આ ચૂંટણીમાં સૌથી નોંધપાત્ર ઘટના બંદરીય નગરી માંડવીમાં જોવા મળી છે. માંડવી સુધરાઈમાં વિપક્ષને એક પણ બેઠક ન મળતાં આગામી પાંચ વર્ષ સુધી આ નગરપાલિકા વિપક્ષ વગર જ કાર્યરત રહેશે.

બીજીતરફ, જિલ્લાના અન્ય સ્થાનિક સ્વરાજ્યના માળખા માટેપણ સંભવીત તારીખો જાહેર થઈ ચૂકી છે. કચ્છની વિવિધ તાલુકા પંચાયતોના પ્રમુખ અને પદાધિકારીઓની વરણી આગામી ૨૨ અને ૨૩મી મેના રોજ કરવામાં આવશે. જ્યારે જિલ્લા પંચાયતના પ્રમુખ, સહિતના હોદેદારોના નામની જાહેરાત ૨૫મી અને ૨૬મીમેના કરવામાં આવશે.

આ ઉપરાંત, ગાંધીધામ મહાનગરપાલિકાના પ્રમુખ સહિતના વિવિધ હોદ્દાઓની સત્તાવાર જાહેરાત ૨૬મી મેના રોજ કરવામાં આવશે તેવી સંભાવના છે.

---------------------------------------------------------------------------------

## ગાંધીધામમાં જર્જરિત ઈમારતોને નોટિસ :

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા ચોમાસાની ઋતુને ધ્યાને રાખીને જર્જરિત અને ભયજનક બાંધકામો સામેકડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. ગાંધીધામ-આદિપુર જોડિયા શહેરોમાં લોકો અને વાહન ચાલકોની સુરક્ષા માટે તંત્ર દ્વારા અત્યાર સુધીમાં ૧૩૧ જર્જરિત ઇમારતોને નોટિસ આપવામાં આવી છે.

માલિકોને આ ઇમારતોનું રિપેરિંગ કરવા અથવા જોખમી ભાગો હટાવવા કડક સૂચના અપાઈ છે, જેના ભાગરૂપે અત્યાર સુધીમાં ૭ અતિ ભયજનક ઇમારતોતોડી પડાઈ છે. ગાંધીધામ શહેરમાં મહાનગરપાલિકા કાર્યરત થતાં વહીવટીતંત્ર દ્વારા પ્રી-મોન્સૂન કામગીરીના ભાગરૂપે નવો સર્વે કરી યુદ્ધના ધોરણે પગલાં લેવામાં આવી રહ્યા છે

---------------------------------------------------------------------------------------------

## પચ્છમ વિસ્તારમાં પાણી – ઘાસની તંગી :

કચ્છના સરહદી પચ્છમ વિસ્તારમાં ઉનાળાના આકરા તાપ વચ્ચે પશુઓ માટે ઘાસચારો અને પીવાના પાણીની ભારે અછત સર્જાઈ છે. તળાવોના પાણી ખૂટી જતાં અને સીમાડાઓ સુકાઈ જતાં પશુઓ ગાંડા બાવળની ફળીઓ ખાઈને પેટ ભરી રહ્યા છે. ધોમધખતા તાપ અને ભૂખમરાના કારણે દૂધના ઉત્પાદનમાં મોટો ઘટાડો થયો છે, જ્યારે પશુદાણના ભાવ આસમાને પહોંચ્યા છે.

સ્થાનીક લોકોના જણાવ્યા અનુસાર, વહીવટી તંત્ર દ્વારા પાણીનું કોઈ નક્કર આયોજન ન કરાતાં માલધારીઓ ઘરવપરાશ અને પશુઓ માટે મોંઘા ભાવના ખાનગી ટેન્કરો ખરીદવા મજબૂર બન્યા છે. વરસાદ આડે હજુ એકાદ મહિનો બાકી હોઈ, માલધારીઓ માટે પરિવાર અને પશુધન બચાવવું અત્યંત પડકારજનક બન્યું છે.

---------------------------------------------------------------------------------------------

## દિલ્હી માટે નવી ટ્રેન :

કચ્છથી દેશની રાજધાની દિલ્હી વચ્ચે મુસાફરોની સુવિધા વધારવા માટે આગામી ૨૨મી મેથી નવી ટ્રેનસેવા શરૂ થવા જઈ રહી છે. રેલવે સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ટ્રેન ભુજથી વાયા ભીલડી અને જાલોર થઈને ૨૪ કલાકમાં દિલ્હી પહોંચશે. પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રામાશ્રેય પાંડે ૨૨ મેએ સાંજે૫ વાગ્યે ભુજ રેલવે સ્ટેશનથી આ ટ્રેનને લીલી ઝંડી બતાવશે, જે માટે તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે.

આ નવી ટ્રેન શરૂ થવાથી ભુજ-બરેલી અને ભુજ-દિલ્હી સરાય રોહીલ્લા ટ્રેનો પરનું ભારણ ઘટશે. આ સાથે જ મુસાફરોને દિલ્હી તેમજ રાજસ્થાનના વિવિધ શહેરો માટે સીધી અને સરળ કનેક્ટિવિટી મળશે. નિયમિત દિવસોમાં આ ટ્રેન ભુજથી સવારે ૧૧ વાગ્યે રવાના થાય તેવી શક્યતા છે.

---

## પેટ્રોલપંપો પર સ્થિતિ સામાન્ય :

અમેરિકા-ઇરાન યુદ્ધની અસરને પગલે કચ્છ જિલ્લામાં સર્જાયેલી ડીઝલની તંગીને દૂર કરવા વહીવટી તંત્ર સક્રિય બન્યું છે. જિલ્લા પુરવઠા અધિકારી અર્શ હાસ્મી એ જણાવ્યું કે, ૩૪૬ રિટેલ અને ૧૩૧ કન્ઝયુમર પંપો પર ચાંપતી નજર રખાઈ રહી છે. રિટેલ પંપોપર ભીડ ઘટાડવા માટે કન્ઝયુમર પંપધારકોને ત્યાંથી ડીઝલ આપવાનું બંધ કરવાનો નવો પરિપત્ર કડક રીતે લાગુ કરાયો છે, જેનાથી પંપો પરની લાંબી કતારો હળવી થઈ છે.

---

## કલાવિથી ૨૦૨૬નું સમાપન :

કચ્છ યુનિવર્સિટી અને કચ્છ મ્યુઝિયમના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કલા, સંસ્કૃતિ અને વારસા ઉત્સવ “કલાવીથિ 2026”નું ભવ્ય સમાપન થયું છે. અંતિમ દિવસે “આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસ” નિમિત્તે વિશેષ સત્ર અને લાઈવ પ્રિન્ટમેકિંગ વર્કશોપ યોજાયા હતા, જે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

સમારોહમાં ઉપસ્થિત નિષ્ણાતો પ્રો. સોની, જયપાલસિંહ જાડેજા અને ધવલ દવેએ કલાપ્રેમી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. મ્યુઝિયમના ક્યુરેટર ડૉ. મહેન્દ્ર સિંહ સુરેલાએ ભવિષ્યમાં પણ આવી સર્જનાત્મક પ્રવૃત્તિઓ યોજવાની ખાતરી આપી સહભાગીઓને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા.

---

## કચ્છમાં દવાના વેપારીઓની હડતાળ :

ઓનલાઇન ઇ-ફાર્મસી દ્વારા દવાઓના વેચાણ, નકલી દવાઓના કારોબાર અને ભારે ડિસ્કાઉન્ટના વિરોધમાં ઓલ ઇન્ડિયા ઓર્ગેનાઇઝેશન ઓફ કેમિસ્ટસ એન્ડ ડ્રગિસ્ટ્સ દ્વારા આપવામાં આવેલા 24 કલાકના દેશ વ્યાપી બંધના એલાનમાં કચ્છના દવાના વેપારીઓ પણ જોડાયા હતા. આજે કચ્છ જિલ્લા કેમિસ્ટ એસોસિએશનના આહવનને પગલે વહેલી સવારથી જિલ્લાભરના તમામ મેડિકલ સ્ટોર્સ સજ્જડ બંધ રહ્યા હતા.

---

## કારાણીની સ્મૃતિમાં ડાયરો :

કચ્છના ખ્યાતનામ સાહિત્યકાર દુલેરાય કારાણીની સ્મૃતિમાં આગામી ૨૬મી મેના રોજ સાંજે ૬:૩૦ કલાકે ગુંદિયાળી ગામની પંચાયત પ્રાથમિક શાળામાં ‘કારાણી જે ફરીયે મે, કારાણીજી કવિતાઉ’ શીર્ષક હેઠળ કચ્છી ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ એ જ શાળા છે જ્યાં કારાણીજીએ શિક્ષક તરીકે સેવા આપી હતી. ભારતવિકાસ પરિષદ અને વી.આર.ટી.આઈ.-માંડવીના સંયુક્ત ઉપક્રમે તેમજ પ્રવીણ વીરા એન્ડ કું. મુંબઈના સહયોગથી યોજાનારા આ કાર્યક્રમમાં નારાણ ભારમલ અને વાદ્યવૃંદ કારાણીજીની રચનાઓ રજૂ કરશે.

---